# પાટનગરમાં માજી સૈનિકો ઉમટ્યા




ગાંધીનગર, તા.૬

માજી સૈનિક સેવા ફાઉન્ડેશ અને ગુજરાત માજી સૈનિક સંગઠન દ્વારા આજરોજ સૈનિક સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ શાહીબાગ હનુમાન કેમ્પથી નિવૃત જવાનો પોતાના ૧૪ મુદ્દાઓને લઈ રેલી સ્વરુપે ગાંધીનગર સચિવાલય સુધી વિશાળ સંખ્યામાં આવી પહોંચ્યા હતા. છેલ્લા ચાર વર્ષથી પોતાના પડતર પ્રશ્નો માટે નિવૃત જવાનો લડી રહ્યા છે. ત્યારે આજે સચિવાલય ખાતે નિવૃત જવાનોના પ્રશ્નો અંગે રાજયના મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ હતી, જે બેઠક હકારાત્મક રહેતા ફરીવાર આગામી સોમવારે બેઠક યોજાશે. જયારે સૈનિક યાત્રાને પગલે શહેરના પ્રવેશદ્વાર પર મોટીસંખ્યામાં પોલીસનો પહેરો ગોઠવી દેવાયો હતો. જયારે નિવૃત જવાનોની રેલીને પગલે ગાંધીનગર કોબા માર્ગ પર ગાડીઓનો ખડકલો થઈ જતા ચક્કાજામ જેવી સ્થિતિ સર્જાઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ થી ગાંધીનગર સૈનિક સન્માન યાત્રા આવવાની હોવાથી સવારથી જ સત્યાગ્રહ છાવણી, ઘ-૦, ચ-૦, ધોળાકુવા સર્કલ સહિતના માર્ગો પર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જયારે સચિવાલયના તમામ દરવાજા બંધ કરી દેવાયા હતા. એક તબક્કે કર્મચારીઓને સચિવાલયમાં જવામાં તકલીફનો સામનો કરવો પડ્યો હતો. જયારે અમદાવાદથી નિકળેલી રેલી બપોરના સમયે ગાંધીનગરના પ્રવેશ દ્વારે આવી પહોંચી હતી. જો કે રેલીને રોકવાનો પ્રયાસ કરાયો હતો. પરંતુ નિવૃત જવાનો અને પરિવારના સભ્યો ગાડીઓ અને બાઈકો પર હાથમાં તિરંગા સાથે સુત્રોચ્ચાર કરતા સચિવાલય ખાતે આવી પહોચ્યા હતા. સચિવાલય અંદર જવા માટે નિવૃત જવાનોએ હોબાળો મચાવ્યો હતો. પરંતુ દરવાજા બંધ હોવાથી તેઓ ગેટ નં-૧ પાસે શાંતિપૂર્ણ રીતે ગોઠવાઈ ગયા હતા. તેઓએ મુખ્યમંત્રીને મળવા દેવામાં નહી આવે તો સચિવાલયમાં ઘુસવા માટે પ્રયત્ન કરવા માટે કહ્યું હતું. નિવૃત આર્મીમેનના છેલ્લા ૧૪ મુદ્દાઓને લઈ ચાર વર્ષથી ગાંધીનગરમાં ધક્કા ખાય છે.પરંતુ આજદિન સુધી તેમની એક પણ માંગણીનો સ્વીકાર કરાયો નથી.ત્યારે આજે માજી સૈનિકો તેમની પડતર માંગણીઓ મુદ્દે મુખ્યમંત્રી સાથે બેઠક યોજાઈ હતી જે હકારાત્મક રહી હતી. ત્યારે નિવૃત જવાનોની માંગણીઓમાં શહીદ પરિવારને રૂ.૧ કરોડ સહાય અને ઘરના એક સભ્યને સરકારી નોકરી, પાટનગરમાં શહીદ સ્મારક અને સૈનિકો માટે આરામ ગૃહ, રાજય સરકાર તરફથી નોકરી માટે અનામત, ખેતી માટે જમીન , તેમજ રહેણાંક પ્લોટ, દારૂ માટેની પરમીટ ભારતીય સેના માટે આપેલ પરમીટ માન્ય ગણવી, હથીયાર લાયસન્સ રીન્યુ કરવા અલગ વ્યવસ્થા, માજી સૈનિકો માટે પાંચ વર્ષની ફીકસ પગારની પ્રથા દુર કરવામાં આવે, ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સૈનિકોના બાળકોને છુટછાટ, વ્યવસાય વેરો માફ કરવામાં આવે તે સહિતની માંગનો સમાવેશ થાય છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિની એક તાકીદની બેઠક ૭મી જૂનના રોજ બપોરે ૩ વાગે બોલાવવામાં આવી છે.

● આજે ગાંધીનગર ખાતે પડતર માંગણીઓ માટે માજી સૈનિકોએ સચિવાલય ખાતે પ્રદર્શન યોજતાં સચિવાલયના પ્રવેશ દ્વારો બંધ કરાયા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં એક નાયબ કલેક્ટર તાલિમ માટે આવ્યા છે.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

● આજે દહેગામ તાલુકામાં ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશને લઈ બેઠક મળી હતી.

● આજે વિશ્વ ખાદ્ય સુરક્ષા દિવસની ઉજવણી કરાશે.

● પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ૩૪૦૦ જેટલી તલાટીઓની ભરતી માટે ૧૭ લાખ અરજીઓ આવી.

● આજે મનપામાં કોરોના વોરિયર્ષનું સન્માન કરવામાં આવશે.

● મનપાની નવી કચેરીમાં ચાલી રહેલી ફર્નિચરની કામગીરીને જોવા એક ટીમ કર્મચારીઓની ગઈ હતી.

● મનપાના કમિશનરે આજે શાખાધિકારીઓ સાથે તેમની સાપ્તાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મમ્મી, હુ પાસ થઇ ગયો... તારી ભગવાન પ્રત્યેની શ્રદ્ધા જ કામ લાગી...મે તો કશુ જ નથી કર્યું...!

## સ્વર્ણીમ પાર્ક જોવા આવેલા યુવકનું બાઈક ચોરાયું

ગાંધીનગર, તા.૬

અમદાવાદ થી સ્વર્ણિમ પાર્ક ફરવા માટે આવેલા યુવકના બાઈકની ચોરી થઈ છે. વિધાનસભા ગેટ નં.૭ ની સામે ફુટપાથ પર બાઈક પાર્ક કર્યું હતું. બાઈક ચોરી અંગે યુવકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ભાવનગરના અને હાલ અમદાવાદ બોપલ જી-૫૦૮ દેવ ૧૮૧, સ્ટલીંગ સીટી બોપલ ખાતે રહેતા આયુષ હિતેશ ભટ્ટ મિત્રો સાથે રહે છે અને ડિપ્લોમાં આઈટીના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. ગતરોજ સવારના સમયે આયુષ પોતાના મિત્રનું બાઈક નં. જી.જે.૦૧.એસ.ઝેડ.-૬૩૧૭ લઈને સ્વર્ણીમ પાર્ક ફરવા માટે આવ્યો હતો. જયારે યુવકે બાઈક વિધાનસભા ગેટ નં.૬ અને ૭ ની સામે ફુટપાથ પર પાર્ક કર્યું હતું. સાડા અગીયાર વાગે ગયેલ યુવક બપોરે ૧ વાગે ગાર્ડન જોઈ પરત ફર્યો હતો. ગાર્ડન બહાર આવીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી યુવકે આસપાસના સિકયુરીટીને પણ પુછપરછ કરી હતી. બાઈકની શોધખોળ આસપાસના વિસ્તારમાં કરી હતી, પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે રૂ.૨૦ હજારના બાઈક ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

## લવાડ ફાર્મ નજીક ટ્રક-ઈકો વચ્ચે ગમખ્વાર અકસ્માત બે ના મૃત્યુ

ગાંધીનગર, તા.૬

દહેગામ-બાયડ માર્ગ પર લવાડ ફાર્મ નજીક ગતરોજ મોડી રાત્રે ટ્રક-ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈકોમાં સવાર કાકા-ભત્રીજીનું કરૂણ મૃત્યું નિપજયું હતું. જયારે અકસ્માતમાં ઈકોનો ખુડદો બોલી ગયો હતો. બનાવ અંગે દહેગામ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. લુણાવાડા રહેતા ઘનશ્યામભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના મોટાભાઈ શશિકાંતભાઈ ની દિકરી રિધ્ધી કલોલ ખાતે અભ્યાસ કરે છે. જેને મળવા માટે તેઓ ઈકો ગાડી લઈને કલોલ આવવા નીકળ્યા હતા. તેમની સાથે ઘનશ્યામભાઈની દિકરી દેવ્યાંશી પણ હતી.રાત્રીના નવ વાગ્યાના અરસામાં રિધ્ધીએ ફોન કરીને તેના કાકા ઘનશ્યામભાઈને જણાવ્યું કે દહેગામ બાયડ માર્ગ પર લવાડ ફાર્મ નજીક ટ્રક અને ઈકો વચ્ચે અકસ્માત થયો છે. પપ્પાને દહેગામ અને દેવ્યાંશી ને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા છે. જેથી ઘનશ્યામભાઈ પરિવારજનો સાથે તાત્કાલીક ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જયારે માર્ગમાં તેઓએ ડમ્પર અને ઈકો અકસ્માત હાલતમાં પડી હતી. સિવિલ પહોંચતા બાદ ઘનશ્યામભાઈને જાણ થઈ કે તેમની દિકરીને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચતા પ્રાથમિક સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. જયારે તેમના ભાઈ શશીકાંતનું સ્થળ પર જ કરૂણ મોત થયુ હતું. એક જ પરિવારમાં બે વ્યકિતના મૃત્યુથી પરિવાર પર આભ તુટી પડ્યું હતું. જયારે રાત્રીના સમયે લવાડ ડમ્પર અને ઈકો વચ્ચે થયેલા અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો પણ દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.જયારે બનાવ અંગે દહેગામ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.




## કર્ણાવતી હ્યુન્ડાઈ, સાયન્સ સીટી, અમદાવાદ દ્વારા વૃક્ષારોપણ

અમદાવાદ, તા. ૬

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કર્ણાવતી હ્યુન્ડાઈ, સાયન્સ સીટી, અમદાવાદ ખાતે વૃક્ષારોપણ અને છોડ વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે પોલ્યૂશન ઓછું થાય એની માટે તે જ દિન સર્વિસમાં આવનારી હ્યુન્ડાઈ ગાડીઓમાં ફ્રી પીયુસીની સેવા કર્ણાવતી હ્યુન્ડાઈ દ્વારા આપવામાં આવી હતી અને કસ્ટમર સહમતી સાથે ગાડીની ડ્રાયવૉશ કરાવી સેવ વોટર ઝુંબેશ ચલાવી હતી.




## રકનપુર જીઆઈડીસીમાં ભાગ્યલક્ષ્મી એસ્ટેટમાંથી ૧૬૨ પેટી વિદેશી દારૂ ઝડપાયો



ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથકની હદમાં આવેલ રકનપુર જીઆઈડીસીમાં ભાગ્યલક્ષ્મી એસ્ટેટમાં સ્ટેટ મોનીટરીંગની ટીમે દરોડો પાડી દારૂનું ગોડાઉન પકડી પાડ્યું હતું. પોલીસ ટીમે ગોડાઉનમાંથી વિવિધ બ્રાન્ડની ૧૬૨ પેટી દારૂનો જથ્થો, મોબાઈલ ફોન સહિત રૂ.૭.૭૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## સિવિલ સ્ટાફ કવાટર્સમાં મોડીરાત્રે હોબાળો

### સ્ટાફ બ્રધર્સે મેસેજનો જવાબ ન આપતા શખ્સે જાનથી મારી નાંખવાની ધમકી આપી, પોલીસ બોલાવતા શખ્સ ભાગી ગયો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સિવિલ કેમ્પસ સ્ટાફ કવાટર્સમાં મોડી રાત્રે હોબાળો થયો હતો. મોબાઈલ ફોનમાં આવેલા મેસેજનો જવાબ સ્ટાફ બ્રધર્સે ના આપતા ઉશ્કેરાયેલા શખ્સે રાત્રીના સમયે ઘરે જઈ ડોરબેલ વગાડી જાનથી મારી નાંખવાની ધમકી આપતા સ્ટાફ બ્રધર્સે સેકટર-૭ પોલીસ મથકે નિલેશ ઉર્ફે લાલભાઈ પટેલ સામે ફરીયાદ નોંધાવી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ સ્ટાફ કવાટર્સ બ્લોક નં.૧૫-૮ ખાતે કલ્પેશકુમાર મંગળભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ બ્રધર્સ તરીકે ફરજ બજાવે છે. ત્યારે એક વર્ષ અગાઉ કલ્પેશ પટેલને નિલેશ ઉર્ફે લાલભાઈ પટેલ સાથે મિત્રતા થઈ હતી, જેથી મોબાઈલ નંબરની આપ લે થઈ હતી. ત્યારે ગતરોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં નિલેશ પટેલના મેસેજ આવવા લાગ્યા હતા. પરંતુ મેસેજનો રીપ્લાય સ્ટાફ બ્રધર્સે ના આપતા નિલેશ પટેલ ઉશ્કેરાઈ ગયો હતો. અંદાજીત રાત્રીના ૧૨ વાગ્યા પછી નિલેશ પટેલ ગાડી લઈને આવ્યો હતો અને દરવાજાની ડોરબેલ વારંવાર વગાડી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો. જેથી ગભરાઈ ગયેલા કલ્પેશ પટેલે પોલીસ બોલાવતા શખ્સ ત્યાંથી ભાગી ગયો હતો. સ્ટાફ કવાટર્સમાં રાત્રીના સમયે હોબાળો થતા સ્થાનિક નાગરીકો પણ ટોળે વળ્યા હતા.

## દેશભરમાંથી માટી એકઠી કરી રહેલાં એરફોર્સના જવાન અશોકકુમાર વર્માનો નવતર અભિગમ

### દેશભરમાંથી એકઠી કરેલી માટીમાં છોડ ઉછેરી, વૃક્ષારોપણ માટે પ્રેરિત કરવા લોકોને ભેટ આપશે

ગાંધીનગર, તા. ૬

આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાનો સામનો કરી રહ્યુ છે, ત્યારે પર્યાવરણ બચાવવા અને ખાસ કરીને વૃક્ષારોપણ માટે વધુને વધુ લોકોને પ્રેરિત કરવા આગ્રાના વતની અને મુંબઇ ખાતે એરફોર્સમાં ફરજ બજાવતા અશોકકુમાર વર્માએ અનોખો રસ્તો અપનાવ્યો છે. તેમણે સમગ્ર ભારત દેશની પરિક્રમા કરીને માર્ગમાં આવતા તમામ રાજયો, વિવિધ ધર્મના તીર્થસ્થાનો, શહીદ સ્મારકો ખાતેથી માટી એકઠી કરીને, આ એકઠી કરેલી માટીમાં છોડ ઉછેરીને ''દેશ કી મિટ્ટી કે સાથ પૌધા'' અભિયાન દ્વારા લોકોને આ છોડ ભેટ કરીને વૃક્ષારોપણ માટે લોકોને પ્રેરિત કરવા નક્કી કર્યુ છે. તેમના આ અભિયાનમાં તેમની ધર્મપત્ની શ્રીમતી નીતુ વર્માનો પૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો છે. ભારત દેશની પરિક્રમા કરીને માટી એકઠી કરવાના નિર્ધાર સાથે એરફોર્સના જવાન અશોકકુમાર અને તેમના ધર્મપત્ની શ્રીમતી નીતુ વર્માએ પોતાની મોટરકારમાં રસોઈ બનાવવાની સામગ્રી અને ટેન્ટ જેવી જરૂરી ચીજવસ્તુઓ સાથે લઈને લગભગ ૧૭હજાર કિ.મી.ની આ પરિક્રમાનો પ્રારંભ મુંબઇ ખાતેથી તેમના માતા ઓમવતી દેવીના હસ્તે માટી સ્વીકારીને તા. ૧૮મી એપ્રિલ ૨૦૨૨ના રોજ કર્યો. પરિક્રમાનો તમામ ખર્ચ જાતે ઉઠાવીને દરરોજના ૬૦૦ કિમી.નો પ્રવાસ કરવાનું નક્કી કર્યુ. રસ્તામાં જ્યાં સુવિધા મળી ત્યાં ટેન્ટ બાંધીને રાતવાસો કરતા, જાતે રસોઇ બનાવી ભોજન કરતા. રસ્તામાં આવતા મહત્વના સ્થળો, તીર્થ સ્થળો, વોર મેમોરિયલની મુલાકાત લઈ ત્યાંની માટી સ્થાનિક લોકોના હસ્તે સ્વીકારે તે તેમનો નિત્યક્રમ બની ગયો હતો. આ યાત્રા દરમિયાન તેઓ લેહ ખાતે દુનિયાના સૌથી ઊંચા સડક-માર્ગ ખારદુંગ-લા પાસ જ્યાં માઇનસ ડીગ્રી ટેમ્પરેચર હોય છે ત્યાં પણ પહોંચ્યા અને ત્યાંથી માટી મેળવી, પેન્ગોંગના સોલ્ટ લેઇક પહોંચીને માટી મેળવી, દ્રાસ સેકટરમાં કારગીલ વોર મેમોરિયલ જઇને શહીદોને શ્રદ્ધાંજલિ અર્પીને ત્યાંના સ્થાનિક લોકોના હસ્તે માટી સ્વીકારી, વાઘા બોર્ડર પણ ગયા. માર્ગમાં આવતી શાળાના વિદ્યાર્થીઓને પર્યાવરણ બચાવવા વૃક્ષારોપણનો સંદેશો આપી તેમની પાસેથી પણ માટી મેળવી.




**ટચુકડી**
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું નામ મંજુલાબેન મુકેશભાઈ રાવલ હતું તે બદલીને મંજુલાબેન મુકેશકુમાર રાવલ કરેલ છે.
સરનામું : ૨૬, માનસરોવર ક્રિષ્ના સોસાયટી, સરગાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

**ગુજરાત રાજ્ય બીજ નીગમ લિમિટેડ**
બીજ ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૦૨૦૧૦
ફોન નં. ૨૩૨૫૬૬૮૮, ૨૩૨૫૬૬૯૨

### કોમ્પ્યુટર, પ્રિન્ટર, લેપટોપના વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટનું ટેન્ડર

(બીજો પ્રયત્ન)

નિગમની વડી કચેરી ખાતે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને લેપટોપની સર્વિસની કામગીરી કરવાનો વાર્ષિક કોન્ટાર્ક્ટ આપવા માટે સંબંધિત પાર્ટીઓ પાસેથી ઓફલાઈન ટેન્ડરીંગ પદ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેનું ઓફ્લાઈન ટેન્ડર તા. ૨૦/૬/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં બીજ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે મોકલી આપવાનું રહેશે. ટેન્ડરની વિગત વેબસાઈટ www.gurabini.com પર ઉપલબ્ધ છે.. ટેન્ડર તા. ૨૧/૬/૨૦૨૨ના રોજ ખોલવામાં આવશે.

(પી. એસ. રબારી)
મેનેજીંગ ડીરેક્ટર